

## ખીલીબાઈની વાર્તા

એક હતી ડોશી. એક વાર એની હથેળીમાં ફોડલો થયો. ફોડલો ફૂટ્યો ને એમાંથી એક ખિસકોલી નીકળી. ડોશીએ તો ખિસકોલી માટે ઝાડવે ઝોળી બાંધી ને તેમાં ખિસકોલીને સુવાડી. ડોશી ઘરનું કામ કરતાં આમ જાય, તેમ જાય ને ખિસકોલીને હીંચકો નાખે ને હાલરડાં ગાય :–

"હાથના લેશું હજાર
પગના લેશું પાંચસે,
નાકના લેશું નવસેં ;

તોયે મારી ખીલીબાઈને ઘરમઘોળે દેશું ;
સૂઈ જાવ ખીલીબાઈ ! સૂઈ જાવ."

પાસેના ગામનો એક રાજા શિકારે નીકળેલો. ડોશીના કૂબા પાસેથી જતાં જતાં તેણે ખીલીબાઈનું હાલરડું સાંભળ્યું. રાજાના મનમાં વિચાર આવ્યો : "આ ખીલીબાઈ તે કેવી હશે ? ડોશી આટલા બધા રૂપિયા માગે છે, તે ખીલીબાઈનું રૂપ તો બહુ ભારે હશે !"

રાજાએ તો ખીલીબાઈ સાથે પરણવાનો વિચાર કર્યો. રાજા ડોશી પાસે ગયો ને તેને કહ્યું : "ડોશી, ડોશી ! આ તું શું બોલે છે ? ખીલીબાઈ ક્યાં છે ? મને તારી દીકરી બતાવ તો ખરી ? મારે એને પરણવું છે."

ડોશી કહે : "ભાઈ ! તમે તો રાજા કહેવાઓ. તમારાથી તે કાંઈ ખિસકોલીને પરણાય ? એ તો જનાવર કહેવાય. હાલરડું તો હું મારી ખિસકોલીબાઈને ગાઉં છું. મારે કોઈ બીજી દીકરી નથી."

રાજાએ ડોશીનું કહેવું માન્યું નહિ. તેણે કહ્યું : "ડોશી ! ભલે તમારી ખીલીબાઈ જનાવર રહ્યાં ! હું તો એને જ પરણીશ."

પછી ડોશી કહે : "ત્યારે લઈ આવો રૂપિયા. આ મારી કુલડી ભરાઈ જાય એટલા રૂપિયા મને આપશો તો હું તમને મારી દીકરી પરણાવીશ."

રાજા તો રૂપિયા લેવા ગયો.

ડોશી હતી લોભી. ઘણા બધા રૂપિયા લેવાની તેણે યુક્તિ કરી. તેણે એક મોટો ખાડો ગાળ્યો; તેના ઉપર એક કોઠી મૂકી ; તેના ઉપર એક મોરિયો ને તેના ઉપર કૂલડી મૂકી. બધાંને નીચેથી કાણાં હતાં.

રાજા આવ્યો. રાજાના માણસો કુલડી રૂપિયાથી ભરવા માંડ્યા, પણ કુલડી કેમે કરી ભરાય નહિ ! છેવટે ઘણા રૂપિયા નાખ્યા ત્યારે કુલડી ભરાઈ.

પછી ડોશીએ ખીલીબાઈને રાજા સાથે પરણાવી. રાજા ખીલીબાઈને પરણીને ઘરે આવ્યો. રાજાએ તો ખીલીબાઈને માટે રૂપાળું પાંજરું કરાવ્યું અને સાતમે માળ ટંગાવ્યું. ત્યાં જવાની કોઈને રજા નહિ. સૌ વિચાર કરવા લાગ્યા કે રાજા તે કોને પરણી લાવ્યા હશે ?

ખીલીબાઈને તો રોજ સારા સારા દાણા નખાય. ખીલીબાઈ ખાય ને પાંજરામાં કૂદે. રાજા રોજ સવાર સાંજ ખીલીબાઈને મળવા જાય.

એક વાર પ્રધાને રાણી કોણ છે તે જાણવા વિચાર કર્યો. તેણે પરીક્ષા કરવાનું ધાર્યું ને રાજાને પૂછ્યું : "રાજાજી ! આપના રાણીને કામકાજ આવડે ખરા ?"

રાજાએ કહ્યું : "હા."

પ્રધાન કહે : "તો રાણીજી આ સાળમાંથી અણિશુદ્ધ ચોખા કાઢી આપશે ?"

રાજાએ હા કહી, ને ચોખાની સુંડલી ખિસકોલી પાસે જઈને મૂકી.

ખિસકોલીબાઈ તો સમજી ગયાં. તેણે તો ચાંચે ચાંચે સાળ એવી ફોલી કે એક પણ તૂટી નહિ. એક રાતમાં આખી ટોપલી અણિશુદ્ધ ચોખાથી ભરી દીધી.

સવારે રાજાજી પ્રધાન પાસે ટોપલી લઈ ગયા. પ્રધાન અણિશુદ્ધ ચોખા જોઈ દંગ જ થઈ ગયા !

પ્રધાનજીએ તો વળી રાણીની પરીક્ષા કરવા કહ્યું : “રાજાજી ! ત્યારે આપણાં રાણી લીલી ગારમાં ચીતર પાડી દે ખરાં કે ?”

રાજાએ કહ્યું : “હા. એમાં તે શી મોટી વાત છે ?”

પ્રધાને એક ઓરડામાં ગાર કરાવી ને રાજાજીને કહ્યું : “હવે રાતમાં રાણીજી ભલે ચીતર પાડી આપે.”

ખિસકોલીબાઈ તો એની બીજી બહેનપણીઓને બોલાવી આવી ને પછી બધી ખિસકોલીઓએ દોડાદોડ કરી મૂકી. સવાર પડી ત્યારે તો ગાર ઉપર સુંદર ચીતર ચિતરાઈ રહ્યાં.

પ્રધાનજી તો સવારે ચીતર જોઈને વિચારમાં પડી ગયાં. તેમણે કહ્યું : “રાણીજી તો બહુ હોશિયાર !”

પછી એક વાર રાજાને બીજે ગામ જવું પડયું. રાજાએ પાંજરામાં દાણાપાણી મૂક્યાં. રાજાજીને પાછા આવતા વાર થઈને પાંજરામાંથી દાણા પાણી ખૂટી ગયાં. ખીલીબાઈને બહુ તરસ લાગી. પછી તે ગળે કુલડી બાંધી કૂવે પાણી ભરવા ગઈ. કૂવે ઊભી ઊભી પાણી ભરતી હતી ત્યાં ઉપરથી શંકરપાર્વતીનો રથ નીકળ્યો.

શંકર કહે : “પાર્વતીજી ! આ ખિસકોલી કોણ છે, જાણો છો ?”

પાર્વતી કહે : “ના જી.”

શંકર કહે : “એ તો માણસ છે. એને દેવનો શાપ લાગ્યો છે એટલે ખિસકોલીનો અવતાર આવ્યો છે.”

પાર્વતીને દયા આવી ને તેણે શંકરને વિનંતી કરી કે તમે કેમે કરી આ ખિસકોલીને માણસ કરી દ્યો. પછી શંકરે ઉપરથી પાણી છાંટ્યું એટલે ખિસકોલીબાઈ સોળ વરસની સુંદરી થઈ ઊભાં રહ્યાં.

ખિસકોલીબાઈ તો સુંદરી બની રાજાને મહેલે ગયાં. રાજા ઘેર આવ્યો ત્યારે તેને બધી વાતની ખબર પડી. તે બહુ ખુશ થયો.

પછી ખાધું, પીધું ને રાજ કર્યું.

**– ગિજુભાઈ બધેકા**